## અગ્રતા – ૦૨

**પ્રશ્ન-:** **મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં શાકભાજી પાકોના વાવેતરમાં ટ્રેલીઝ મંડપ યોજના હેઠળ તાલુકાવાર કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો અને**
**મારો બીજો પ્રશ્ન છે કે**
**તાલુકાવાર કેટલી સહાય ચુકવવામાં આવી ?**

જવાબ : **માન. અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો..**

**પ્રસ્તાવના**

- રાજયમાં શાકભાજી પાકોનું વાવેતર મોટા ભાગે ખેડુતો દ્વારા પરંપરાગત રીતે જમીન પર વેલા ફેલાવા દઈ કરવામાં આવતું હતું.
- આ પરંપરાગત રીતે કરવામાં આવતી ખેતીમાં સારી ગુણવત્તાવાળા શાકભાજીના ફળ મળતા ન હતા. તેમજ વધુ પડતી ગરમી, ઠંડી અને વરસાદના સમયમાં શાકભાજીના ફળ પોચા પડી જતા અથવા તો બગડી જતા હતા.
- જેથી રાજય સરકાર દ્રારા વર્ષ ૨૦૧૨-૧૩ થી શાકભાજી પાકોમાં ટ્રેલીઝ મંડપ યોજનામાં સહાય આપવામાં આવે છે.

માન. અધ્યક્ષશ્રી તાલુકાવાર લાભાર્થી અને સહાયની વિગતો જણાવું તો..

| અ.નં. | તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા | સહાય (રૂપિયા) |
|---|---|---|---|
| ૧ | ઉંઝા | ૧ | ૭ હજાર ૮૦૦ |
| ૨ | કડી | ૩૭૭ | ૮૮ લાખ ૬ હજાર ૪૨૫ |
| ૩ | ખેરાલુ | ૭૯ | ૧૬ લાખ ૮૧ હજાર ૧૭૦ |
| ૪ | જોટાણા | ૧ | ૨૦ હજાર ૮૦૦ |
| ૫ | મહેસાણા | ૨ | ૪૭ હજાર ૧૦૦ |
| ૬ | વડનગર | ૧૭૮ | ૩૮ લાખ ૪ હજાર ૫૮૯ |
| ૭ | વિજાપુર | ૮૭ | ૧૭ લાખ ૬૭ હજાર ૪૮૦ |
| ૮ | સતલાસણા | ૬૮ | ૧૪ લાખ ૯૦ હજાર ૪૯૫ |
| ૯ | વિસનગર | ૦ | ૦ |
| ૧૦ | બેચરાજી | ૦ | ૦ |
| **કુલ** | | **૭૯૩** | **૧ કરોડ ૭૬ લાખ ૨૫ હજાર ૮૫૯** |

આમ, કુલ સાતસો ત્રાણું લાભાર્થીઓને રુપિયા ૧ કરોડ ૭૬ લાખ ૨૫ હજાર ૮૫૯ ની સહાય આપવામાં આવેલ છે.

# <u>અગ્રતા – ૦૨</u>

**૫૦૨શ્ન :** **શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટેની સહાયનું ધોરણ શું છે ?**
અને મારો બીજો પ્રશ્ન છે કે,
**આ સહાય મેળવવા ખેડુતને ક્યા ક્યા પુરાવા આપવાના હોય છે ?**

જવાબ : **માન. અધ્યક્ષશ્રી, માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબ જણાવું તો..**
**પ્રસ્તાવના**
ટ્રેલીઝ મંડપ ત્રણ પ્રકારે બનાવવામાં આવે છે.

- જેમાં **કાચા મંડપ**માં લાકડાના અથવા વાંસના ટેકા ઉપયોગમાં લેવામાં આવે છે.
- **અર્ધ પાકા મંડપ**માં બહારની હરોળમાં લોખંડ અથવા સિમેન્ટના ટેકા તેમજ વચ્ચે લાકડાના અથવા વાંસના ટેકાનો ઉપયોગ કરવામાં આવે છે.
- **પાકા મંડપમાં** લોખંડ અથવા સિમેન્ટના ટેકાનો ઉપયોગ કરવામાં આવે છે.
- આ ઉભા કરેલ ટેકાને ગેલ્વેનાઈઝ્ડ વાયરથી એક બીજા સાથે બાંધીને જોડવામાં આવે છે, અને મંડપની જેમ તૈયાર કરવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી, સહાયનું ધોરણ જણાવું તો...**

- ➢ **ટ્રેલીઝ મંડપ યોજના હેઠળ સામાન્ય ખેડુતને ૫૦ ટકા મુજબ**
  - કાચા મંડપમાં મહત્તમ રૂપિયા ૨૬ હજાર પ્રતિ હેક્ટર
  - અર્ધ પાકા મંડપમાં રૂપિયા ૪૦ હજાર પ્રતિ હેક્ટર
  - પાકા મંડપમાં રૂપિયા ૮૦ હજાર પ્રતિ હેક્ટર

**માન. અધ્યક્ષશ્રી,**

- ➢ **અનુસુચિત જાતિ તેમજ અનુસુચિત જન જાતિના ખેડુતને ૭૫ ટકા મુજબ**
  - કાચા મંડપમાં મહત્તમ રૂપિયા ૩૯ હજાર પ્રતિ હેક્ટર
  - અર્ધ પાકા મંડપમાં રૂપિયા ૬૦ હજાર પ્રતિ હેક્ટર
  - પાકા મંડપમાં રૂપિયા ૧ લાખ ૨૦ હજાર પ્રતિ હેક્ટર

**માન. અધ્યક્ષશ્રી**

- ➢ **જ્યારે દેવીપૂજક ખેડુતને ૯૦ ટકા મુજબ**
  - કાચા મંડપમાં મહત્તમ રૂપિયા ૪૬ હજાર ૮૦૦ પ્રતિ હેક્ટર
  - અર્ધ પાકા મંડપમાં રૂપિયા ૭૨ હજાર પ્રતિ હેક્ટર
  - પાકા મંડપમાં રૂપિયા ૧ લાખ ૪૪ હજાર પ્રતિ હેક્ટર
- ➢ ખેડુતને ખાતાદીઠ મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં સહાય આપવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી, માન. સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં જણાવુ તો,**

૧. આઇ – ખેડુત પોર્ટલ પરની ઓનલાઈન અરજી
૨. ખેડુત ખાતેદાર હોવાના પુરાવા (૭/૧૨ તથા ૮-અ ની નકલ)
૩. બેંક એકાઉન્ટની વિગત (બેંક પાસબુક અથવા કેન્સલ ચેકની નકલ)
૪. જાતિનુ પ્રમાણપત્ર
૫. આધારકાર્ડની નકલ
૬. લાકડાના/ વાંસના/ લોખંડના / સીમેન્ટના થાંભલા, તારના ખરીદીના બીલો

# <u>અગ્રતા – ૦૨</u>

**પ્રશ્ન :** **ટ્રેલીઝ મંડપ પધ્ધતિથી ક્યા ક્યા શાકભાજી પાકોનું વાવેતર થાય છે**
અને મારો બીજો પ્રશ્ન છે કે,
**ટ્રેલીઝ પધ્ધતિના ફાયદા શુ છે ?**

જવાબ : **માન. અધ્યક્ષશ્રી**
**ટ્રેલીઝ મંડપ પધ્ધતિથી** ટામેટા, મરચા, કારેલા, દુધી, ગલકાં, તૂરીયા, ટીંડોળા, પરવળ, કંકોડા વિગેરે જેવા શાકભાજી પાકોનું **વાવેતર થાય છે.**
**માન. અધ્યક્ષશ્રી**
**માન. સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં** ટ્રેલીઝ પધ્ધતિના ફાયદા જણાવુ **તો,**

- છોડનો વિકાસ સારો થાય છે.
- છોડને પુરતા પ્રમાણમાં સુર્યપ્રકાશ તેમજ હવા ઉજાસ મળી રહે છે.
- પાકનું ઉત્પાદન વધુ મળે છે.
- ખાતર અને પાણીનું સુચારૂ રૂપે વ્યવસ્થાપન કરી શકાય છે.
- તૈયાર થયેલ ફળને વધુ પડતી ગરમી અને ઠંડીથી બચાવી શકાય છે.
- તૈયાર થયેલ શાકભાજીના ફળની વીણી યોગ્ય રીતે લઈ શકાય છે.

## **અગ્રતા – ૦૨**

**પ્રશ્ન :** **મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા અનુસુચિત જાતિના ખેડૂતોને કેટલી સહાય આપવામાં આવી**
**અને મારો બીજો પ્રશ્ન છે કે**
**તાલુકાવાર મહિલા ખેડૂતને કેટલી સહાય આપવામાં આવી ?**

જવાબ : **માન. અધ્યક્ષશ્રી**

મહેસાણા જિલ્લામાં તાલુકાવાર **અનુસુચિત જાતિના** ખેડુતને ચુકવવામાં આવેલ સહાયની વિગતો જણાવુ તો,

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **લાભાર્થીની સંખ્યા** | **સહાય (રૂપિયા)** |
|---|---|---|---|
| ૧ | કડી | ૨૦ | ૭ લાખ ૧૩ હજાર |
| ૨ | વડનગર | ૦૮ | ૨ લાખ ૧૭ હજાર |
| ૩ | ઉંઝા | ૦ | ૦ |
| ૪ | ખેરાલુ | ૦ | ૦ |
| ૫ | જોટાણા | ૦ | ૦ |
| ૬ | સતલાસણા | ૦ | ૦ |
| ૭ | મહેસાણા | ૦ | ૦ |
| ૮ | વિજાપુર | ૦ | ૦ |
| ૯ | વિસનગર | ૦ | ૦ |
| ૧૦ | બેચરાજી | ૦ | ૦ |
| **કુલ** | | **૨૮** | **૯ લાખ ૩૦ હજાર** |

માન. અધ્યક્ષશ્રી સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં જણાવું તો

મહેસાણા જિલ્લામાં તાલુકાવાર મહિલા ખેડુત લાભાર્થીને ચુકવાયેલ સહાયની વિગતો જણાવુ તો,

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **લાભાર્થીની સંખ્યા** | **સહાય (રૂપિયા)** |
|---|---|---|---|
| ૧ | કડી | ૩૦ | ૭ લાખ ૯ હજાર |
| ૨ | ખેરાલુ | ૦૫ | ૯૫ હજાર |
| ૩ | સતલાસણા | ૦૯ | ૧ લાખ ૮૩ હજાર |
| ૪ | વડનગર | ૧૧ | ૨ લાખ ૩ હજાર |
| ૫ | વિજાપુર | ૦૫ | ૯૭ હજાર |
| ૬ | ઉંઝા | ૦ | ૦ |
| ૭ | જોટાણા | ૦ | ૦ |
| ૮ | મહેસાણા | ૦ | ૦ |
| ૯ | વિસનગર | ૦ | ૦ |
| ૧૦ | બેચરાજી | ૦ | ૦ |
| **કુલ** | | **૬૦** | **૧૨ લાખ ૮૭ હજાર** |